દાખલ તારીખ– ૧૦/૧૦/૨૦૨૨
રજીસ્ટર તારીખ– ૧૦/૧૦/૨૦૨૨
ફેંસલ તારીખ– ૧૩/૦૩/૨૦૨૩
અવધી: વર્ષ ૦૦ – માસ ૫ – દિવસ ૩

सत्यमेव जयते

**મે.ઉચ્છલના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ.ઉચ્છલ.**

**ફો.કે.નંબર–૮૫ર/૨૦૨૨**
આંક– **૧૩**

**ફરીયાદી :–** **સરકાર શ્રી,**

વિરૂઘ્ધ.

**આરોપીઃ–** **ગેમજીભાઈ બાપટીયાભાઈ વસાવા,**
ઉ.વ.૬૧,રહે. લિંબાસોટી ગામ,તા.ઉચ્છલ,જી.તાપી.

**ગુન્હો :–** **પ્રોહીબીશન એકટ કલમ– ૬૫ એએ મુજબ...**

.........................................................................................

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી. એસ.એસ.વળવી.
આરોપી તરફે વિ. વ.શ્રી. આર.એન.ગામીત.

.........................................................................................

**–: ઠ રા વ :–**

**(૧)..** આ કામે ફરીયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ગત તા. ૧૭–૦૬–૨૦૨૨ મોજે લિંબાસોટી ગામ ખાતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં હાથ બનાવટનો દેશી દારૂ ૫ લીટર કિં.રૂ. ૧૦૦/– રાખી રેડ દરમ્યાન પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાઈ જઈ પ્રોહી. એકટ કલમ– ૬૫ એએ મુજબનો ગુનો કરેલ. જે અંગે ફરીયાદીએ ફરીયાદ કરતા તપાસ કરનાર અધિકારીએ સાહેદોના નિવેદનો નોંધી તપાસના અંતે આરોપી વિરૂઘ્ધ પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૨)..** આ કામે આરોપીને સમન્સ બજતા તેઓ હાજર થતાં ક્રિ.પ્રો.કોડ કલમ– ૨૦૭ અન્વયે વિનામુલ્યે નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ **આંક–૫** થી તહોમતનામુ ફરમાવી **આંક–૬** થી આરોપી પ્લી (નિવેદન) લેતાં તેઓએ તેમની સામેના આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરતા કામ પુરાવા પર લેવામાં આવેલ.આ કામે ગુનાનું સ્વરૂપ તથા સજાની જોગવાઈ ધ્યાને રાખી, આરોપી સામેના કેસની કાર્યવાહી **વોરન્ટ ટ્રાયેબલ** કેસની પધ્ધતિની આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)..** આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**મૌખીક પુરાવા**

| અનુ.નં. | મૌખીક પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી અ.પો.કો. જયેશભાઈ બાબુભાઈની જુબાની | ૦૭ |
| ૨. | પંચ સાલેમભાઈ રેન્જાભાઈ ગામીતની જુબાની | ૦૯ |
| ૩. | પંચ રાકેશભાઈ બાવાભાઈ વળવીની જુબાની | ૧૧ |
| ૪. | ત.ક.અ.સાહેદ સતિષભાઈ મગનભાઈની જુબાની. | ૧૨ |

**દસ્તાવેજી પુરાવો**

| અનુ.નં. | દસ્તાવેજી પુરાવો | આંક |
|---|---|---|
| ૧. | અસલ ફરીયાદ | ૦૮ |
| ૨. | પ્રોહી રેડ અંગેનુ અસલ પંચનામુ. | ૧૦ |

**(૪)..** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષ તરફથી વિ. એ.પી.પી મારફત મૌખીક વિનંતીથી પુરાવો પુરો થયેલ હોવાનું જાહેર કરતા, આરોપીનું ક્રિ.પ્રો.કોડ કલમ– ૩૧૩ અન્વયે વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. ત્યારબાદ બન્ને પક્ષના વિ. વકીલ શ્રીઓની વિગતે દલીલ સાંભળવામાં આવેલ છે.

**(૫)..** આ કેસના ન્યાયીક નિર્ણય સારૂ અત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થયેલ છે.

**–: મુદ્દા :–**

(૧).. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ ગત તા. ૧૭–૦૬–૨૦૨૨ મોજે લિંબાસોટી ગામ ખાતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં હાથ બનાવટનો દેશી દારૂ ૫ લીટર કિં.રૂ. ૧૦૦/– રાખી રેડ દરમ્યાન પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાઈ જઈ પ્રોહી. એકટ કલમ– ૬૫ એએ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે?

(૨).. શું હુકમ?

**(૬)..** ઉપરોકત મુદ્દાઓ પરત્વે અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

(૧).. નકારમાં,

(૨).. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**(૭).. મુદ્દા નંબર–૧ અને ૨ ...**

**(૮)..** આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરતા આ કામે ફરીયાદ પક્ષે સો પ્રથમ **ફરીયાદી** અ.પો.કો.જયેશભાઈ બાબુભાઈને **આંક–૭** થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાના પુરાવામાં,તા. ૧૭–૦૬–૨૦૨૨ ના રોજ તેઓ તથા એ.એસ.આઈ સતિષભાઈ મગનભાઈ બીજા સ્ટાફના માણસો સાથે પ્રોહી રેડમાં હતા ત્યારે આરોપી મોજે લિંબાસોટી ગામ ખાતે વગર પાસ પરમીટે પોતાના કબજામાં હાથ બનાવટનો દેશી દારૂ ૫ લીટર કિં.રૂ. ૧૦૦/– રાખી રેડ દરમ્યાન પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાઈ આવતા તેઓએ આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલ હોવાનું જણાવી, ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવતા તે ફરીયાદ **આંક–૮** થી પુરાવામાં રજુ થયેલ છે. વધુમાં સદર સાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખેલ છે. ત્યારબાદ આ કામે બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસમાં સદર ફરીયાદી સાહેદે બનાવ વખતે પોતે રેડમાં ગયેલ ન હોવાની, તથા આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ દાખલ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે.

**(૯)..** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી મહત્વનું એવું **આંક–૧૦** નું પ્રોહી રેડ અંગેનુ **પંચનામું** પુરવાર કરવા **આંક–૦૯** થી **પંચ** સાહેદ સાલેમભાઈ રેન્જાભાઈ ગામીત તથા **આંક–૧૧** થી **પંચ** સાહેદ રાકેશભાઈ બાવાભાઈ વળવીને તપાસવામાં આવેલ છે. સદર સાહેદોએ પોતાના પુરાવામાં આંક–૧૦ ના પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય જેથી ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી મારફતે તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટ કરવા છતાં પં ચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી કોઈ પુરાવો આપેલ નથી. આમ, ફરીયાદ પક્ષ પોતાના સબળ પુરાવાથી આરોપી પાસેથી દારૂ મળેલ હોવાની આંક–૧૦ ના પંચનામાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**(૧૦)..** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફથી આંક–૧૨ થી તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ સતિષભાઈ મગનભાઈને તપાસવામાં આવેલ છે. જેઓએ તેમના પુરાવામાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સંપુર્ણ સમર્થનકારી પુરાવો આપેલ છે તથા સદર ફરીયાદની આગળની તપાસ તેઓને સોંપાતા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય, તેઓએ ના.કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનુ પોતાના પુરાવામાં જણાવેલ છે. વધુમાં સદર સાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખેલ છે. ત્યારબાદ આ કામે બચાવ પક્ષે થયેલ ઉલટ તપાસમાં સદર ફરીયાદી સાહેદે બનાવ વખતે પોતે રેડમાં ગયેલ ન હોવાની, તથા આરોપી વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ દાખલ કરેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે તથા બનાવ સબંધે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ ન હોવાની હકીકત કબુલ રાખેલ છે.

**(૧૧)..** આ કામે ફરીયાદ પક્ષ તરફથી રજુ થયેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાનું તુલનાત્મક વિશ્લેષણ કરતા આ કામે ફરીયાદી તથા ત.ક અમલદાર એ ગુનાના પરીણામમાં રસ ધરાવતા પોલીસ સાહેદ છે તથા ગુનાના કામે મહત્વના એવા પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી. તે સંજોગોમાં આરોપીના કબજામાંથી દારૂ કબજે લીધેલ હોવાની હકીકત સ્વતંત્ર પુરાવાના અભાવે શંકાસ્પદ થઈ પડે છે. વધુમાં આ કામે નામ. વડી અદાલત ધ્વારા ચુકાદાથી પ્રસ્થાપીત માર્ગદર્શીકા ધ્યાને લેતાં...

**The state of Gujrat VS Yadvendrasing Sardar Surjitsing Jat (Shikh) & Ors.2014(4) GLR 3159**

> **"In that view of the matter, consequently, the entire procedure he carried out appears to be tainted and based upon such investigation, no conviction can be recorded. Even otherwise also the panchas have not supported the prosecution case and the case of the prosecution is not getting corroboration with the evidence and, therefore, finding recorded by the learned trial court is just and proper"**

આમ, ઉપરોકત સંજોગોમાં જોતા ફરીયાદ પક્ષે કોઈ સ્વતંત્ર સાહેદને ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ નથી. વધુમાં પંચ સાહેદોએ પંચનામામની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. વધુમાં આ કામે બનાવ સ્થળે આવેલ મકાન કે જયાંથી દારૂ કબજે થયેલ છે તે આરોપીની માલીકીનું હોવા બાબતે પણ કોઈ આધાર પુરાવો રજુ થયેલ ન હોય, તે સંજોગોમાં ફરીયાદ પક્ષ બનાવ સમયે હાલના આરોપી પોતાના કબજામાં વગર પાસ પરમીટે દારૂ રાખી પકડાઈ ગયેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, જેથી કેસના ન્યાયીક નિર્ણય સારૂ ઉપસ્થીત થયેલ **મુદ્દા નંબર – ૧** નો ન્યાયીક નિર્ણય **નકારમાં** ઠરાવી **મુદ્દા નંબર–**૨ અન્વયે નીચે મુજબનો **આખરી હુકમ** ફરમાવવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

- આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમ–૨૪૮(૧) અન્વયે **પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એએ** મુજબના ગુનામાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.
- પ્રોહી. મુદ્દામાલ તથા બીનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.
- આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન તથા મુચરકા ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭(અ) મુજબ વધુ છ માસ માટે ચાલુ રાખવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : **૧૩મી,** માહે : **માર્ચ,** સને : **૨૦૨૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :– ઉ મ્છ લ.**
**તારીખ ૧૩/૦૩/૨૦૨૩**

**( ધિરેન્દ્રકુમાર ભગુભાઈ પટેલ )**
**જયુડી. મેજી. ફર્સ્ટ કલાસ,**
**ઉ મ્છ લ.**
**GJ 01245**